કેસ દાખલ કર્યા તા.૨૦/૧૦/૨૦૨૨

કેસ રજી. કર્યા તા. ૨૦/૧૦/૨૦૨૨

કેસ ફેંસલ કર્યા તા.૩૧/૦૭/૨૦૨૬

અવધિ : વર્ષ–૦૩, માસ–૦૯, દિવસ–૧૧

**મહે. એડી. ચીફ જ્યુ. મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. સાવરકુંડલા, જિ.અમરેલી**

**ફોજદારી કેસ નં. :– ૨૫૧૭/૨૦૨૨**

**આંક :– (TARGETED CASE)**

ફરીયાદી :– રાજેશકુમાર કનુભાઇ નાઇ ,
રહે. સાવરકુંડલા, કૈલાસનગર, પારેખવાડી, શેરી નં.૩,
તા.સાવરકુંડલા, જિ.અમરેલી

વિરૂદ્ધ

આરોપી :– હિરેનભાઇ નરેશભાઇ વનરા,
રહે. "બાલમુકુન્દ ", પારેખવાડી, જાની સાહેબના ઘરની સામે,
સાવરકુંડલા, તા.સાવરકુંડલા, જિ.અમરેલી.

---

**ગુનો :– ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ**

ફરીયાદી તરફે વિ.વકીલ શ્રી આર.બી.વિઝુંડા

આરોપી તરફે વિ.વકીલ શ્રી એસ.વાય.બિલખીયા અને શ્રી એ.એ.સોસા

---

**–:: ચુકાદો ::–**

**[૧]** આ કામના ફરીયાદીએ અત્રેની અદાલતમાં તા.૨૦.૧૦.૨૦૨૨ ના રોજ કથિત આરોપી સામે ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ હેઠળના શિક્ષાપાત્ર ગુના સબબની ખાનગી ફરીયાદ આપતાં સદર ફરીયાદ ફોજદારી કેસ રજીસ્ટરમાં નોંધવામાં આવેલ છે અને આરોપી સામે ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુનાનું સંજ્ઞાન લઇ આરોપીને સમન્સ ઇસ્યુ કરવામાં આવેલ છે અને તે રીતે હાલના કેસની ઇન્સાફી કાર્યવાહીનો આરંભ થયેલ છે.

**[૨]** **ફરીયાદપક્ષની હકીકત :–** સદર કેસમાં ફરીયાદની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી તથા આરોપી એક જ વિસ્તાર પારેખવાડી, સાવરકુંડલા મુકામે રહે છે. આ કામના ફરીયાદી સાવરકુંડલા મુકામે સુર્ય નિવાસ કોમ્પ્લેક્ષમાં આવેલ પટેલ રામા મોહન નામની આંગડીયા પેઢીમાં ખાનગી નોકરી કરે છે. ફરીયાદીની દુકાનની બાજુમાં એક દુકાન છોડીને આરોપી સુરભી ગ્રુપના નામે વ્યવસાય કરતા હતા. ફરીયાદી અને આરોપી એક જ વિસ્તારના હોવાથી તેમની વચ્ચે મિત્રતાના સંબંધો બંધાયેલા. આરોપીને નાણાની જરૂરીયાત ઉભી થતાં આરોપીએ ફરીયાદી પાસે

હાથ ઉછીના રૂ.૨૦,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા વીસ લાખ પુરા) ની માંગણી કરેલી. પરંતુ, આટલી મોટી રકમ ફરીયાદી પાસે હાથ ઉપર ન હતી તેમ છતાં આરોપીએ ફરીયાદી પાસે આજીજી અને વિનંતી કરતાં ફરીયાદીએ પોતાની બચતમાંથી રૂ.૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) તથા તેમના સંબંધી કમલેશભાઇ લાલજીભાઇ દાવડા પાસેથી રૂ.૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) લઇને તેમજ ભરતભાઇ ભનુભાઇ ચુડાસમાં પાસેથી રૂ.૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) લઇને તેમજ ગોસ્વામી ગોવિંદપુરી વૈકુંઠપરી પાસેથી રૂ.૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) લઇને એમ કુલ મળી રૂ.૨૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ લાખ પુરા) ગઇ તા.૦૪.૦૧.૨૦૨૧ ના રોજ આરોપીને હાથ ઉછીના આપેલા. આરોપીએ ફરીયાદી પાસેથી હાથ ઉછીની આ રકમ લેતી વખતે તા.૦૪.૦૧.૨૦૨૧ ના રોજ રૂા.૫૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર સાક્ષીઓ રૂબરૂ લખાણ કરી આપેલું હતું અને તે સમયે આરોપીએ ફરીયાદીને તેમના સયુંકત ખાતાના બેંક ઓફ બરોડા શાખાના ચેક નં. ૦૦૦૦૧૦, ચેક નં.૦૦૦૦૧૧ તથા ચેક નં.૦૦૦૦૧૨ એક કુલ ત્રણ ચેકો તા.૨૫.૦૮.૨૦૨૨ ની તારીખના તેમની બંનેની સહી કરી તેમના જોઇન્ટ એકાઉનટ નંબર ૦૩૫૧૦૧૦૦૦૦૨૮૧૭ ના ફરીયાદના નામજોગ લખી આપેલા. ત્યારબાદ, ફરીયાદીએ ઉપરોકત ત્રણેય ચેક તા.૨૫.૦૮.૨૦૨૨ ના રોજ પોતાના ખાતાવાળી બેંક ઓફ બરોડા, સાવરકુંડલા શાખામાં જમા કરાવતાં ઉપરોકત ત્રણેય ચેક અપુરતાં ભંડોળના કારણે "FUNDS INSUFFICIENT" ના શેરાં સાથે ચેક રીર્ટન મેમો સાથે વણચુકવ્યે પરત ફરેલા. જે અંગે ફરીયાદીએ આરોપી પાસે પૈસાની ઉઘરાણી કરતાં આરોપીએ ફરીયાદીને પહેલાં તો કોઇ દાદ આપેલી નહીં પરંતુ, પછીથી ઉડાઉ જવાબ આપેલ. ત્યારબાદ, ફરીયાદીએ આરોપીને તેમના વકીલશ્રી મારફતે આરોપીના રહેઠાંણના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટ એડી.થી 'Demand Notice' (માંગણા નોટિસ) આપેલી. જે નોટિસ આરોપીને બજી ગયેલી પરંતુ, આરોપીએ નોટિસનો કોઇ જવાબ સુદ્ધાં આપેલો નહીં કે નોટિસ મુજબનું વર્તન કરેલ નહીં. આમ, આરોપીએ ફરીયાદીની નોટિસ મુજબનો અમલ નહીં કરતાં ફરીયાદીએ આરોપી વિરૂદ્ધ ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ હોઇ હાલની ફરીયાદ કરેલાનું જણાવેલ છે.

**[૩] <u>અદાલતી કાર્યવાહી</u> :-** સદર ખાનગી ફરીયાદ અત્રેની અદાલતમાં દાખલ થયા બાદ ફરીયાદીની ઉપરોક્ત ફરીયાદ, વેરીફીકેશન તથા રજૂ કરવામાં આવેલા દસ્તાવેજી પૂરાવાઓના આધારે હાલની ફરીયાદ અંગે સંજ્ઞાન લઇ, કથિત આરોપી સામે ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ-૨૦૪ અન્વયે ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળ શિક્ષાપાત્ર ગુના માટે પ્રોસેસનો હુકમ કરવામાં આવેલ છે. આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતાં આરોપી તેમના વિ.વકીલશ્રી સાથે નામદાર અદાલતમાં હાજર રહેલાં છે અને ત્યારબાદ, ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ-૨૦૭ મુજબ આરોપીને ફરીયાદપક્ષના તમામ દસ્તાવેજોની નકલ વિનામુલ્યે પૂરા પાડવામાં આવેલ છે. દસ્તાવેજોની તમામ નકલ મળી ગયા અંગેની ખાતરી કર્યા બાદ આરોપીને તેમની સામેના ગુનાની સમજ

આપી ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ–૨૫૧ મુજબ આરોપીનું ગુના સંબંધમાં નિવેદન (પ્લી) આંક–૦૮ થી ગઇ તા.૨૯.૧૧.૨૦૨૩ ના રોજ લેવામાં આવતાં, આરોપીએ ગુનાનો ઇન્કાર કરેલ છે. જેથી, કેસ આગળ ચલાવવામાં આવેલ અને કેસની ઇન્સાફી કાર્યવાહી ફરીયાદપક્ષના પુરાવા ઉપર મુલતવી રાખવામાં આવેલ.

[૪] **ફરીયાદપક્ષનો પુરાવો :–** સદર કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પૂરાવો રજૂ કરેલ છે.

**–: મૌખિક પૂરાવો :–**

| ક્રમ | સાહેદનું નામ અને વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી–રાજેશકુમાર કનુભાઇ નાઇનું સરતપાસનું સોગંધનામું | ૦૪ |

**–: દસ્તાવેજી પૂરાવો :–**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી અને આરોપી વચ્ચે થયેલ કરારખત | ૦૯ |
| ૨ | તકરારી અસલ ચેક નં. ૦૦૦૦૧૦ | ૧૦ |
| ૩ | તકરારી અસલ ચેક નં. ૦૦૦૦૧૧ | ૧૧ |
| ૪ | તકરારી અસલ ચેક નં. ૦૦૦૦૧૨ | ૧૨ |
| ૫ | ચેક નં. ૦૦૦૦૧૦ બેંકમાં જમા કરાવ્યાની કાઉન્ટર સ્લીપની નકલ | ૧૩ |
| ૬ | ચેક નં. ૦૦૦૦૧૧ બેંકમાં જમા કરાવ્યાની કાઉન્ટર સ્લીપની નકલ | ૧૪ |
| ૭ | ચેક નં. ૦૦૦૦૧૨ બેંકમાં જમા કરાવ્યાની કાઉન્ટર સ્લીપની નકલ | ૧૫ |
| ૮ | ચેક નં. ૦૦૦૦૧૦ નો ચેક રીટર્ન મેમો | ૧૬ |
| ૯ | ચેક નં. ૦૦૦૦૧૧ નો ચેક રીટર્ન મેમો | ૧૭ |
| ૧૦ | ચેક નં. ૦૦૦૦૧૨ નો ચેક રીટર્ન મેમો | ૧૮ |
| ૧૧ | આરોપીને આપેલ નોટિસની સ્થળપ્રત | ૧૯ |
| ૧૨ | આરોપીને આપેલ નોટિસનો પોસ્ટલ ચાર્જ ભર્યાની સફેદ પાવતી | ૨૦ |
| ૧૩ | જોઇન્ટ એકાઉન્ટ હોલ્ડર એવાં આરોપીના પિતાને આપેલ નોટિસનો પોસ્ટલ ચાર્જ ભર્યાની સફેદ પાવતી | ૨૧ |
| ૧૪ | એકનોલેજમેન્ટ સ્લીપ | ૨૨ |
| ૧૫ | જોઇન્ટ એકાઉન્ટ હોલ્ડર એવાં આરોપીના પિતાને આપેલ નોટિસની એકનોલેજમેન્ટ સ્લીપ | ૨૩ |

[૫] **<u>ફરીયાદપક્ષનો પુરાવો બંધ જાહેર</u> (Closing) :–** આ સિવાય ફરીયાદપક્ષ દ્વારા અન્ય કોઇ પૂરાવો રજૂ રાખવામાં આવેલ નથી. જો કે, ફરીયાદપક્ષ તરફે આંક–૪૦ થી પૂરાવા બંધની પુરશીસ રજૂ થયેલ છે. સદર કામે ફરીયાદપક્ષ દ્વારા રજૂ રાખવામાં આવેલ તમામ પુરાવાઓને અસલ સ્વરૂપે અથવા પ્રમાણિત નકલ સ્વરૂપે કે ખરી નકલ સ્વરૂપે હોવાથી અને ફરીયાદીની સરતપાસમાં યોગ્ય રીતે રજુ થયેલ હોવાથી તેમજ અન્ય રીતે રેકર્ડ ઉપર આવેલ હોઇ સુચિત કે પાકો આંક આપીને પુરાવામાં વંચાણે લેવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સદર કેસમાં આરોપીપક્ષ દ્વારા ફરીયાદીની વિગતવાર અને લંબાણપુર્વકની ઉલટતપાસ લેવામાં આવેલ છે.

[૬] **<u>આરોપીનું વિશેષ નિવેદન</u> (FS) :–** આ કામે ફરીયાદપક્ષનો પુરાવો બંધ જાહેર કરવામાં આવ્યા બાદ ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન પણ નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદપક્ષના કેસની મહત્વની તમામ હકીકતોનો ઇન્કાર કરેલ છે, સાથે–સાથે પોતાના બચાવમાં સાહેદો તપાસવા માંગતા હોવાનો અને પોતે સોગંધ ઉપર જુબાની આપવા માંગતા હોવાનો પણ સ્પષ્ટપણે ઇન્કાર કરેલ છે. વિશેષમાં, ફરીયાદીએ ખોટો કેસ કરેલ હોવાનું જણાવી પોતે નિર્દોષ હોઇ છોડી મુકવા વિનંતી ગુજારેલ છે.

[૭] **<u>આરોપીપક્ષનો પુરાવો</u> :–** આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં પોતે કોઇ પુરાવો આપવા માંગતા નહી હોવાનું સ્પષ્ટપણે જણાવેલ છે અને તે મુજબ પોતાના બચાવમાં કોઇ પુરાવો રજુ રાખેલ નથી કે પોતે સોગંધ ઉપર જુબાની આપેલ નથી. આરોપીપક્ષ દ્વારા અન્ય કોઇ પૂરાવો રજૂ રાખવામાં આવેલ નથી. જો કે, આરોપીપક્ષ તરફે આંક–૪૧ થી પૂરાવા બંધની પુરશીસ રજૂ થયેલ છે.

[૮] **<u>પક્ષકારોની દલીલો</u> :–** સદર કેસમાં પુરાવો નોંધવાની કાર્યવાહી સંપુર્ણ થયા બાદ સદર કામ દલીલો માટે મુલતવી રાખવામાં આવેલ છે અને વિગતવાર મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે અને લેખિત દલીલો રેકર્ડ ઉપર નોંધવામાં આવેલ છે.

**(૮.૧) <u>ફરીયાદપક્ષની દલીલો</u> :–** સદર કેસમાં ફરીયાદીના વિ.વકીલશ્રીએ પોતાની મુદ્દાસર મૌખિક દલીલોમાં જણાવેલ છે કે, નામદાર કોર્ટ દ્વારા સદર કામે ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના ગુનાનું સંજ્ઞાન લેવામાં આવેલ છે અને આરોપી દ્વારા ગુનો કબુલ કરવાનો ઇન્કાર કરવામાં આવ્યા બાદ જ કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. સદર કેસના ફરીયાદી અને આરોપી બંને સાવરકુંડલા મુકામે રહે છે. ફરીયાદીએ મિત્રતાના સંબંધે આરોપીને હાથ ઉછીના રૂ.૨૦,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા વીસ લાખ પુરા) આપેલા છે. જે બાબતે ફરીયાદી અને આરોપી વચ્ચે કરાર પણ થયેલો છે, જે આંક–૦૯ થી રજુ છે. જેમાં આરોપીએ ફરીયાદીનું લેણું સ્વીકારેલ છે. ફરીયાદીનું લેણું સ્વીકારી આરોપીએ કુલ ત્રણ ચેક આપેલાં છે અને આ ત્રણેય ચેક તેમની પાકતી મુદ્દત તારીખે બેંકમાં પગાર થવા માટે રજુ કરતાં આ ત્રણેય ચેકનો અનાદર થયેલો છે. આરોપીએ આપેલ તકરારી ત્રણેય ચેક આરોપીના બેંક ખાતામાં "અપુરતાં ભંડોળ" ના કારણે સ્વીકારાયા વગર પરત ફરેલ છે. જે માટે યોગ્ય સમયમર્યાદામાં

આરોપીને નોટિસ આપવામાં આવેલ છે. જે નોટિસ આરોપીને મળી ગયેલ છે. આરોપીએ નોટિસનો કોઇ જવાબ આપેલ નથી. આરોપીએ બાકી નીકળતાં પૈસા ફરીયાદીને ચુકવી આપેલ નથી. આ કામે આંક–૦૪ થી ફરીયાદીની સરતપાસનું સોગંદનામું રજૂ છે. જેમાં તેમણે ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી જુબાની આપેલ છે. ફરીયાદીની જુબાની પરથી ફરીયાદીએ તકરારી ચેક જેટલી રકમ આરોપી પાસેથી લેવાની નીકળતી હોવાનું સાબિત થાય છે. તે મુજબ તકરારી ચેકનું લેણું કાયદેસરનું હોવાનું પણ સાબિત થાય છે. સદર કેસમાં આરોપી તરફે બચાવપક્ષ દ્વારા તકરારી ચેકમાં આરોપીની સહી બાબતે કોઇ જ તકરાર લેવામાં આવેલ નથી. આંક–૧૦, ૧૧ તથા ૧૨ વાળા તકરારી ચેક ફરીયાદી પાસે કેવી રીતે આવ્યા તેનો કોઇ સંતોષજનક બચાવ આરોપી લઇ શકેલાં નથી. જેનાથી પણ સ્પષ્ટપણે સાબિત થાય છે કે, હાલના કથિત આરોપીએ પોતાના દેવાંની કાયદેસરની જવાબદારી સ્વીકારીને હાલનો કહેવાતો તકરારી ચેક ફરીયાદીને આપેલ છે. ફરીયાદપક્ષ દ્વારા ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮(એ)(બી)(સી) માં કરવામાં આવેલ જોગવાઇઓનું પાલન કરવામાં આવેલ છે. ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ મુજબના અનુમાનનું ખંડન કરવાની જવાબદારી આરોપીના શિરે હોવા છતાં આરોપીપક્ષ દ્વારા ફરીયાદપક્ષના પુરાવાનું કોઇ ખંડન કરવામાં આવેલ નથી. વધુમાં, ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ મુજબના અનુમાન વિરૂદ્ધની પણ કોઇ હકીકત આરોપી તરફે પુરવાર કરવામાં આવેલ નથી. આમ, તમામ રીતે ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ પુરવાર કરવામાં સફળ થયેલ છે. જેથી, ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુના માટે આરોપીને કસુરવાર ઠરાવીને સમાજમાં દાખલો બેસે તેવી સજા કરવા તેમજ ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ–૩૫૭ મુજબ ફરીયાદીને વળતર અપાવવાની વિનંતી ગુજારવામાં આવેલ છે. જો કે, ફરીયાદપક્ષ દ્વારા પોતાના કેસ તેમજ દલીલોના સમર્થનમાં નીચે મુજબનો "Case Laws" કે "Authorities" રજૂ રાખવામાં આવેલ છે.

૧. Sanjabij Tari Vs Kishore S. Borcar, 2025 (0) AIJEL–SC 75934

**(૮.૨) <u>આરોપીપક્ષની દલીલો</u> :–** કથિત આરોપી તરફે આરોપીના વિ.વકીલશ્રીએ પોતાની મૌખિક દલીલોમાં જણાવેલ છે કે, ફરીયાદીએ કેટલી રકમ આરોપીને ચુકવી તે બાબતે ફરીયાદમાં રકમનો કોઇ સ્પષ્ટ ઉલ્લેખ નથી. ફરીયાદીને આંક–૧૦, આંક–૧૧ અને આંક–૧૨ વાળા તકરારી ચેક જોઇન્ટ એકાઉન્ટના છે કે કેમ ? તે તેમને ખબર નથી. ફરીયાદીના વિ.વકીલશ્રી મારફતે આંક–૧૯ વાળી જે નોટીસ આપેલી તે બે વ્યકિતને આપેલી છે પણ આંક–૧૦, આંક–૧૧ અને આંક–૧૨ વાળા તકરારી ચેકમાં જે બીજી વ્યકિતનું નામ છે તેની સામે ફરીયાદીએ કોઇ કાર્યવાહી કરેલ નથી. ફરીયાદીએ તેમની ફરીયાદના પેરા નં.૨ માં આંક–૧૦, આંક–૧૧ અને આંક–૧૨ વાળા તકરારી ચેકમાં બંનેની સહી હોવા બાબતે ઉલ્લેખ કરેલ છે. તેમજ આંક–૧૯ વાળી નોટીસના પેરા નં.૨ માં પણ તકરારી ત્રણેય ચેકમાં બંનેની સહી હોવા બાબતે પણ ઉલ્લેખ કરવામાં આવેલ છે જ્યારે તકરારી ત્રણેય ચેક એક જ વ્યકિતની સહીવાળા

છે. ફરિયાદીનો સમગ્ર કેસ વિશ્વસનીય અને કાયદેસરનાં પુરાવા ઉપર આધારિત નથી. ફરિયાદીએ પોતાની ફરિયાદ તેમજ ઉલટતપાસ દરમ્યિાન ઘણાં મહત્વપૂર્ણ મુદ્દાઓ ઉપર વિરોધાભાસી નિવેદનો આપેલ છે, જેના કારણે ફરીયાદીની જુબાની વિશ્વાસપાત્ર રહેતી નથી. ફરીયાદીએ રૂ.૨૦,૦૦,૦૦૦/– જેટલી માતબર રકમ આરોપીને ચુકવેલ હોવાનો કોઈ આધારભુત પુરાવો રજુ રાખેલ નથી. આંક–૦૯ થી રજુ થયેલ કરાર ખત રજીસ્ટર્ડ દસ્તાવેજ કે નોટરાઈઝડ દસ્તાવેજ નથી. તેમાં પક્ષકારોની ઓળખ બાબતે કોઈ સચોટ ઉલ્લેખ કે ઓળખનાં આધાર–પુરાવા જોડેલ નથી. પક્ષકારોની સહીઓને કોઈ વકીલે ઓળખી બતાવેલ નથી. આંક–૦૯ વાળા કરાર ખતમાં કોઈ સહી–સિક્કા નથી. ફરીયાદીએ જેમની પાસેથી ઉછીઉધારના પૈસા લીધાં તેવી કોઈ વ્યક્તિને સાહેદ તરીકે તપાસેલાં નથી. આંક–૦૯ વાળા કરારખતમાં સાક્ષી તરીકે જેમની સહીઓ છે તેમને પણ ફરીયાદીએ પોતાના સાક્ષી તરીકે તપાસેલાં નથી. ખરી હકીકતે, ફરીયાદીએ જેમની પાસેથી રૂપિયા પંદર લાખ ઉછીના લઈને આરોપીને આપેલ હોવાની વિગત ફરીયાદમાં જણાવેલ છે તે તમામ વ્યકિતઓ અને આંક–૦૯ ના કરારખતમાં સાક્ષી તરીકે સહી કરનાર વ્યક્તિઓ બધી સમાન છે. તેમ છતાં ફરીયાદીએ આવાં મહત્વના કહી શકાય તેવાં કોઈ સાહેદોને પોતાની ફરીયાદના સમર્થનમાં સોગંધ ઉપર તપાસેલાં નથી. જેથી ફરીયાદ મુજબનો વ્યવહાર શંકા ઉપજાવે તેવો છે.

બીજું કે, ફરીયાદી પોતે ખાનગી નોકરી કરે છે. જેથી, ફરીયાદીની આર્થિક સદ્ધરતા સામે પણ શંકા ઉભી થાય છે. આરોપી દ્વારા ફરીયાદીની આર્થિક સદ્ધરતા સામે જ્યારે સવાલ ઉઠાવવામાં આવે ત્યારે ફરીયાદીએ પોતાની આર્થિક સદ્ધરતા ચોકકસપણે સાબિત કરવાની હોય છે અને હાલના કિસ્સામાં ફરીયાદીએ પોતાની આર્થિક સદ્ધરતા સાબિત કરેલ નથી અને તે રીતે ફરીયાદની હકીકત શંકા ઉત્પન કરે તેવી છે. આરોપી તરફથી ફરીયાદીના વ્યવહાર અંગે શંકા ઉત્પન્ન કરવામાં આવે ત્યારે પોતાનો કેસ સાબિત કરવાનો બોજો ફરીયાદીના શિરે છે અને પોતાની આર્થિક સદ્ધરતા સાબિત નહીં કરી શકીને ફરીયાદી પોતાનો કેસ સાબિત કરી શકેલ નથી. આરોપી દ્વારા ફરીયાદીના પુરાવાનું સંપુર્ણપણે ખંડન કરવામાં આવેલ છે. બીજું કે, ફરીયાદીએ પોતાની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, તકરારી ચેકની રકમમાં જે રકમ દર્શાવેલી છે તે રકમ કમલેશભાઈ, ભરતભાઈ અને ગોવિંદભાઈનાઓની છે. આમ, તકરારી ચેક મુજબનું લેણું ફરીયાદીનું કાયદેસરનું લેણું હોવાની હકીકત સાબિત થતી નથી. ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં વખતો વખત સુધારા કરવા પાછળ ધારાસભાનો મુખ્ય ઉદ્દેશ્ય વાણિજ્ય અને વેપારને પ્રોત્સાહન આપવાના હેતુથી વિનિમય પ્રથાને વટાઉખતના માધ્યમથી વધુ પારદર્શી બનાવવા માટે ચેકના વ્યવહારો વધારવાનો છે. જો કે, હાલના કિસ્સામાં ફરીયાદપક્ષ "Legal dues and enforceable debt" સાબિત કરવામાં સદંતર નિષ્ફળ નીવડેલ છે. સદર કેસમાં આંક–૧ ની ફરીયાદ અને આંક–૪ મુજબની ફરીયાદીની જુબાની તેમજ ફરીયાદીની ઉલટતપાસ સાગમટે વંચાણે લેવામાં આવે તો કેસની હકીકતો સંબંધે મહત્વનો વિરોધાભાસ પણ રેકર્ડ ઉપર આવેલ છે. આમ, આવાં સંજોગોમાં કહેવાતા નાંણા "Legally enforceable debt" કહીં શકાય નહીં અને જો નાંણા "Legally enforceable debt"

સાબિત ન થાય તો ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુનો બને નહીં. આવાં સંજોગોમાં અનુમાનનુ ખંડન થયાનુ સ્પષ્ટપણે માની શકાય તેમ છે. આમ, ફરીયાદી પોતાનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોઇ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે. જો કે, બચાવપક્ષ દ્ધારા પોતાના કેસ તેમજ દલીલોના સમર્થનમાં કોઇ "Case Laws" કે "Authorities" રજૂ રાખવામાં આવેલ નથી.

[૯] હાલની ફરીયાદના કામે રજૂ થયેલ પૂરાવો અને મૌખિક દલીલો ધ્યાને લેતાં કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્ધા ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્ધા ::–**

**૧.** શું ફરીયાદી પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીએ આરોપીને હાથ ઉછીના રૂ.૨૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ લાખ પુરા) તા.૦૪.૦૧.૨૦૨૧ ના રોજ આપેલા હતા અને આરોપીએ ફરીયાદીનું કાયદેસરનું લેણું સ્વીકારીને ફરીયાદીને પોતાના સયુંકત ખાતાના બેંક ઓફ બરોડા, સાવરકુંડલા શાખાના ચેક નં.૦૦૦૦૧૦, ચેક નં.૦૦૦૦૧૧ તથા ચેક નં.૦૦૦૦૧૨ એક કુલ ત્રણ ચેક તા.૨૫.૦૮.૨૦૨૨ ના રોજના પોતાની સહી કરીને ફરીયાદના નામજોગ લખી આપેલા અને આ ત્રણેય ચેક ફરીયાદીએ પાતોના ખાતાવાળી બેંક ઓફ બરોડા, સાવરકુંડલા શાખામાં જમા કરાવતાં ઉપરોકત ત્રણેય ચેક આરોપીના ખાતામાં પુરતું ભંડોળ ન હોવાના કારણે "Funds Insufficient" ના શેરા સાથે સ્વીકાર્યા/પગાર થયા વગર પરત આવેલા અને સદર તકરારી ત્રણેય ચેક મુજબના નાંણા વસુલાતની માંગણા નોટિસ આપ્યા છતાં આરોપીએ ફરીયાદીને તકરારી ચેક મુજબની રકમ નહીં ચુકવી આપીને ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કર્યો છે ?

**૨.** શું હુકમ ?

[૧૦] ઉપરોક્ત મુદ્ધાઓ અનુસંધાને નામદાર કોર્ટનો ન્યાયિક નિર્ણય નીચે મુજબ છે.

**૧.** " નકારમાં "

**૨.** **આખરી હુકમ મુજબ**

**–:: કારણો ::–**

[૧૧] હવે, સૌપ્રથમ ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુનો બનેલ હોવાની હકીકત સાબિત કરવા માટે સદર કાયદાની થોડી સમજ જરૂરી બને છે. જે મુજબ, ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટના પ્રકરણ–૧૭ "અપૂરતા ભંડોળના કારણે ચેકની અસ્વીકૃતી દંડ સજા" માંની કલમ–૧૩૮, કલમ–૧૪૨ તથા કલમ–૧૪૬ સાગમટે વંચાણે લેવી પડે અને ઉપરોક્ત તમામ કલમો સાગમટે વંચાણે લેતાં ધી નેગોશિયેબલ

ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબનો ગુનો સાબિત કરવા માટે નીચે મુજબનાં આવશ્યક તત્વો સાબિત કરવા પડે.

**–:: <u>આવશ્યક તત્વો</u> ::–**

૧. આરોપીએ પોતાના દ્વારા નિભાવવામાં આવતાં ખાતામાંથી નાણાં ચુકવવા ફરીયાદીને ચેક આપેલ.

૨. આરોપીએ ફરીયાદીને આવો ચેક સમગ્ર અથવા અંશત: કાયદેસરનું દેવું અથવા જવાબદારી અદા કરવા માટે આપેલ.

૩. ચેક જે તારીખે લખેલ હતો તે તારીખથી ચેકની નિયત સમયમર્યાદામાં રજૂ કરવામાં આવેલ હતો.

૪. ચેક આરોપીના ખાતામાં અપૂરતા ભંડોળને કારણે પરત થયેલ હતો.

૫. ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરીયાદીએ ૩૦ દિવસની સમયમર્યાદામાં નાણાંની માંગણી કરતી લેખિત નોટિસ ચેક લખનાર (આરોપી) ને મોકલેલ હતી.

૬. આરોપીને આવી લેખિત નોટિસ મળી ગયેલ હોવા છતાં માંગણા નોટિસમાં જણાવ્યા મુજબ ચેકના નાણાં ૧૫ દિવસની સમયમર્યાદામાં આરોપીએ ફરીયાદીને ચુકવી આપેલા નથી.

૭. સમયમર્યાદા પુરી થયા બાદ ફરીયાદીએ એક મહિનાના સમયગાળામાં લેખિત ફરીયાદ હકુમત ધરાવતી અદાલતમાં કરેલ છે.

વધુમાં, ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ની કલમ–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ અનુસાર ફરીયાદીની તરફેણમાં અનુમાન કરી શકાય તેવી જોગવાઇ છે. ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ની કલમ–૧૧૮(એ) ની જોગવાઇ અનુસાર જ્યાં સુધી વિરૂદ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી દરેક વટાઉખત અવેજના માટે કરી આપ્યાનું માની લેવામાં આવશે. તે જ રીતે, ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ની કલમ–૧૩૯ ની જોગવાઇ વંચાણે લેવામાં આવે તો, જ્યાં સુધી વિરૂદ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારણકર્તાએ તે ચેક કલમ–૧૩૮ની જોગવાઇ અનુસાર તેમના કાયદેસરના દેવાં કે જવાબદારીની અંશત: અથવા પૂર્ણ ચુકવણી માટે મેળવવામાં આવેલ હશે. ઉપરોક્ત બંને કલમો હેઠળ ફરીયાદીની તરફેણમાં અનુમાન થઇ શકે. પરંતુ, બંને જોગવાઇઓમાં "વિરૂદ્ધનું સાબિત ન થાય તો" તેવાં શબ્દો પ્રયોજવામાં આવેલા છે એટલે કે આ બંને અનુમાનો ખંડિત થઇ શકે તે પ્રકારના અનુમાનો છે. વધુમાં, "વિરૂદ્ધનું સાબિત ન થાય", તે શબ્દોના અર્થઘટન અનુસાર અનુમાનનું ખંડન સચોટ પુરાવાથી કરવાનું રહે છે અને આવા અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપીના શિરે રહે છે. પરંતુ, આવા અનુમાનનું ખંડન કરવા માટે સાબિતીનો બોજો આરોપીના શિરે ફરીયાદી જેટલો હોતો નથી. આરોપીએ તે અંગે કોઇ સીધો પુરાવો રજૂ કરવો ફરજીયાત નથી. પરંતુ, આરોપી ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન ઉભા થયેલા શંકાસ્પદ સંજોગો અને વિરોધાભાસી તત્વોને આધાર બનાવીને આવા અનુમાનોનું ખંડન કરી શકેલ હોવાનું પુરવાર કરી શકે છે.

**[૧૨]** ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબનો ગુનો બનેલ હોવા બાબતેના આવશ્યક તત્વો ચકાસતાં જણાય છે કે, ચેક કાયદેસરની જવાબદારીના પૂર્ણ અથવા આંશિક ચુકવણી માટેનો હોવો જોઇએ. સદર કામે ફરીયાદીએ પોતાની સરતપાસના સોગંદનામામાં ફરીયાદને સમર્થનકારી તમામ હકીકતો જણાવેલ છે. હાલના કેસની ફરીયાદ હકીકત તેમજ તકરારી ચેક બાબતેની કાર્યવાહી નીચે મુજબના કોષ્ટક પરથી સરળતાથી સમજી શકાય તેમ છે.

| ક્રમ | વિગત | |
|---|---|---|
| ૧ | તકરારી ચેક નં. | (૧) ચેક નં.૦૦૦૦૧૦<br>(૨) ચેક નં.૦૦૦૦૧૧<br>(૩) ચેક નં.૦૦૦૦૧૨ |
| ૨ | ચેકની રકમ | (૧) ચેક નં.૦૦૦૦૧૦ ની રકમ રૂ.૭,૦૦,૦૦૦/–<br>(અંકે રૂપિયા સાત લાખ પુરા)<br>(૨) ચેક નં.૦૦૦૦૧૧ ની રકમ રૂ.૭,૦૦,૦૦૦/–<br>(અંકે રૂપિયા સાત લાખ પુરા)<br>(૩) ચેક નં.૦૦૦૦૧૨ ની રકમ રૂ.૬,૦૦,૦૦૦/–<br>(અંકે રૂપિયા છ લાખ પુરા) |
| ૩ | આરોપીની બેંક અને શાખાનું સરનામું (ચેક જે બેંકનો હોય તેનું નામ અને સરનામું) | બેંક ઓફ બરોડા, સાવરકુંડલા શાખા |
| ૪ | ફરીયાદીની બેંક અને શાખાનું સરનામું (ચેક જે બેંકમાં રજુ કર્યો હોય તેનું નામ અને સરનામું) | બેંક ઓફ બરોડા, સાવરકુંડલા શાખા |
| ૫ | ચેકની તારીખ | તા.૨૫.૦૮.૨૦૨૨ |
| ૬ | ચેક ભર્યાની તારીખ (નિયત સમયમર્યાદામાં રજુ થયો છે ? ) | તા.૨૫.૦૮.૨૦૨૨ (હા, ત્રણ મહીનામાં)<br>(ત્રણેય ચેક એક જ દિવસે ભરેલ છે) |
| ૭ | ચેક પરત ફર્યાની તારીખ | તા.૨૫.૦૮.૨૦૨૨ (જ્યારે ફરીયાદીની બેંકે ફરીયાદીને જાણ કરી) |
| ૮ | ચેક કયા શેરા સાથે પરત આવેલ છે તેની વિગત | Funds Insufficient ના શેરા સાથે |
| ૯ | આરોપીને નોટિસ આપી તે તારીખ (ફરીયાદીને જાણ થઇ તેના ૩૦ દિવસની સમયમર્યાદામાં નોટિસ આપવી જોઇએ) | તા.૨૩.૦૯.૨૦૨૨ (તા.૨૪.૦૯.૨૦૨૨ સુધી નોટિસ આપી શકાય) |
| ૧૦ | આરોપીને નોટિસ બજી તે તારીખ | તા.૨૪.૦૯.૨૦૨૨ |

| | | |
|---|---|---|
| ૧૧ | આરોપીને નોટિસ બજી ગયા બાદ પેમેન્ટ સમય (દિન–૧૫ માં) પુરો થયા તે તારીખ (દિન–૧૫ ની ગણતરી કરતી વખતે જે દિવસે નોટિસ બજી હોય તે દિવસ ગણતરીમાં લેવાનો નથી એટલે કે, તા.૨૪.૦૯.૨૦૨૨ નો દિવસ ગણતરીમાં લેવાશે નહીં પરંતુ, છેલ્લો દિવસ ગણતરીમાં લેવાશે.) | તા.૦૯.૧૦.૨૦૨૨ |
| ૧૨ | કોઝ ઓફ એક્શન શરૂ થયા તારીખ | તા.૧૦.૧૦.૨૦૨૨ (તા.૦૯.૧૦.૨૦૨૨ ના રોજ ૧૫ દિવસનો સમય પુરો થતો હોઇ છેલ્લો દિવસ ગણતરીમાં લેવાશે) |
| ૧૩ | કેટલાં દિવસમાં ફરીયાદ દાખલ કરવી પડે ? | પેમેન્ટ સમય પુરો થયાના એક મહિનામાં ફરીયાદ દાખલ કરવી પડે.(તા.૧૦.૧૦.૨૦૨૨ નો દિવસ ગણતરીમાં લઇને એક મહિનો એટલે કે તા.૦૯.૧૧.૨૦૨૨ સુધી ફરીયાદ દાખલ કરવી પડે) |
| ૧૪ | ફરીયાદ દાખલ કરી તે તારીખ | તા.૨૦.૧૦.૨૦૨૨ (ફરીયાદ નિયત સમયમર્યાદામાં દાખલ થયેલ છે.) |

**[૧૩]** આમ, ઉપરોક્ત કોષ્ટક મુજબ ફરીયાદપક્ષના કેસની હકીકતોની ચર્ચા કરતાં સ્પષ્ટ થાય છે કે, સદર કેસમાં તકરારી ચેક તેના વેધાનિક સમયગાળામાં ફરીયાદીએ પોતાની બેંકમાં જમા કરાવેલ છે. આમ, સદરી ચેક તેની સમયમર્યાદામાં બેંકમાં રજુ થયેલ હોવાનું ફલિત થાય છે. ત્યારબાદ, સદરી તકરારી ચેક સ્વીકારાયા વિના પરત ફરતાં ૩૦ દિવસની સમયમર્યાદામાં નોટિસ આપવામાં આવેલ છે. જે નોટિસ બજેલ હોવાનું જણાય છે. ત્યારબાદ યોગ્ય સમયમર્યાદામાં ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ના ગુના સબબ ઇન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૧૩૮(બી) ની જોગવાઇ અનુસાર વેધાનિક નોટિસ દિન–૩૦ ની મુદ્દતમાં આરોપીને મોકલવાની હોય છે અને નોટિસ મળ્યા બાદ દિન–૧૫ માં ચેકની રકમ ચુકવી આપવાની માંગણી કરવાની હોય છે. સદર કામે આંક–૧૯ થી નોટિસની સ્થળપ્રત રજૂ છે. જે નોટિસમાં તકરારી ચેક પરત ફર્યા અંગેની જાણ કરીને તકરારી ચેકની રકમ નોટિસ મળ્યેથી દિન–૧૫ ની મુદ્દતમાં ફરીયાદીને ચુકવી આપવાની માંગણી કરવામાં આવેલ છે. આમ, ઉપરોક્ત ચર્ચા અનુસાર ફરીયાદપક્ષ દ્વારા ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮(એ)(બી)(સી) માં કરવામાં આવેલ જોગવાઇઓનું પાલન કરવામાં આવેલ હોવાનું અને ફરીયાદ દાખલ થવા સુધીની તમામ કાર્યવાહી નિયમાનુસાર કાયદા મુજબ થયેલ હોવાનું ફલિત અને સાબિત થાય છે.

[૧૪] **પુરાવાની છણાવટ અને નિષ્કર્ષના કારણો :–** જો કે, સદર કેસમાં ઉભયપક્ષોની દલીલો સાંભળી અને કેસના પૂરાવા સહિતના તમામ કાગળો વંચાણે લીધા. જેથી, પક્ષકારોની મૌખિક દલીલો અને રજૂઆતોનું તેમજ ઉપરોક્ત ચર્ચાનું પુનરાવર્તન ટાળવાનો અહીં વ્યાજબી અને યથાર્થ પ્રયાસ કરવામાં આવેલ છે.

(૧૪.૧) **બિનતકરારી કે બિનવિવાદી મુદ્દા :–** ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબનો ગુનો બનેલ હોવા બાબતેના આવશ્યક તત્વો ચકાસતાં જણાય છે કે, ચેક કાયદેસરની જવાબદારીના પૂર્ણ અથવા આંશિક ચુકવણી માટેનો હોવો જોઇએ. સદર કામે ફરીયાદીએ પોતાની સરતપાસના સોગંદનામામાં ફરીયાદને સમર્થનકારી હકીકતો જણાવેલ છે અને ફરીયાદપક્ષના પુરાવાનું તેમજ ફરીયાદપક્ષની તરફેણમાં કરવામાં આવેલ અનુમાનનું ખંડન કરવા માટે આરોપીપક્ષ તરફે આરોપીના વિ.વકીલશ્રી દ્વારા ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે. સદર કેસમાં ફરીયાદી તથા રેકર્ડ પરનો દસ્તાવેજી પુરાવો તથા પક્ષકારોની મૌખિક રજુઆતો અને દલીલો પરથી કેટલાંક બિનવિવાદી કે બિનતકરારી મુદ્દાઓ સ્પષ્ટપણે અલગ તરી આવે છે. પુરાવાની છણાવટ અને મુલ્યાંકન કરવાના તબક્કે આ મુદ્દાઓનું વારંવાર પુનરાવર્તન ન થાય તે હેતુંથી તેમનો વિગતવાર ઉલ્લેખ કરવાનું યથાર્થ જણાય છે. જે નીચે મુજબ છે.

**–:: બિનતકરારી કે બિનવિવાદી કે સ્વીકૃત મુદ્દા ::–**

**<૧>** આંક–૧૦, આંક–૧૧ અને આંક–૧૨ થી રજુ થયેલ ત્રણેય તકરારી ચેકમાં પોતાની સહી હોવા કે નહીં હોવા બાબતે આરોપી દ્વારા કોઇ તકરાર લેવામાં આવેલ નથી.

**<૨>** ફરીયાદી દ્વારા આરોપીને આપવામાં આવેલી અને આંક–૧૯ થી રજુ થયેલ નોટિસનો આરોપીએ કોઇ જવાબ આપેલો નથી.

(૧૪.૨) **આરોપી તરફે બચાવ અને પુરાવાને અનુરૂપ છણાવટ :–** ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન તેમજ મૌખિક દલીલોમાં આરોપી તરફે કેટલીક સ્પષ્ટ બાબતો ઉપર પોતાનો ઠોસ બચાવ રજુ કરેલ છે અને ફરીયાદપક્ષની તરફેણમાં થતાં અનુમાનનું ખંડન કરવા પુરતો પ્રયાસ કરેલ છે. કથિત આરોપી તરફે પોતાના બચાવમાં લગભગ તમામ પાસાંઓ આવરી લીધેલ છે. જેથી, તમામ પાસાંઓની વિસ્તૃત છણાવટ મુદ્દાસર રીતે નીચે મુજબ કરવામાં આવેલ છે.

(૧૪.૨ : ૧) **ફરીયાદીનું લેણું કાયદેસરનું લેણું નથી :–** હાલના કેસમાં આરોપી તરફે એવો સ્પષ્ટ અને સચોટ બચાવ લેવામાં આવેલ છે કે કહેવાતાં તકરારી ચેકનું લેણું કાયદેસરનું લેણું નથી કારણ કે, ફરીયાદી અને આરોપી વચ્ચે કોઇ વ્યવહાર થયેલ નથી. ફરીયાદીએ ચેકનો દુરૂપયોગ કરીને આરોપી સામે ખોટી ફરીયાદ કરેલી છે. બીજું કે, ફરીયાદીના જણાવ્યા મુજબ ફરીયાદીએ આરોપીને રૂ.૨૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ લાખ પુરા) જેટલી માતબર રકમ આપેલી પરંતુ, આ રકમ ક્યારે, કેવી રીતે, કોની હાજરીમાં અને ક્યાં આપેલી તેવી કોઇ હકીકત ફરીયાદી સાબિત કરી શકેલાં નથી.

આરોપીના ઉપરોક્ત બચાવના સંદર્ભમાં રેકર્ડ પરના પુરાવાની છણાવટ કરતાં તેમજ આંક–૦૧ ની ફરીયાદ તથા આંક–૦૪ નું ફરીયાદીનું સરતપાસનું સોગંધનામું તથા આંક–૧૯ થી રજુ થયેલ નોટિસની સ્થળપ્રત વંચાણે લેતાં સ્પષ્ટ થાય છે કે, ફરીયાદીના જણાવ્યા મુજબ તેમણે આરોપીને તેમના ધંધાના વિકાસ માટે નાણાંની જરૂરિયાત હોવાથી આરોપીને રૂ.૨૦,૦૦,૦૦૦/– (અંગે રૂપિયા વીસ લાખ પુરા) હાથઉછીના આપેલા. જો કે, આટલી મોટી રકમ ફરીયાદી પાસે હાથ ઉપર ન હતી તેમ છતાં આરોપીએ ફરીયાદી પાસે આજીજી અને વિનંતી કરતાં ફરીયાદીએ પોતાની બચતમાંથી રૂ.૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) તથા તેમના સંબંધી કમલેશભાઇ લાલજીભાઇ દાવડા પાસેથી રૂ.૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) લઇને તેમજ ભરતભાઇ ભનુભાઇ ચુડાસમાં પાસેથી રૂ.૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) લઇને તેમજ ગોસ્વામી ગોવિંદપુરી વૈકુંઠપરી પાસેથી રૂ.૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) લઇને એમ કુલ મળી રૂ.૨૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ લાખ પુરા) ગઇ તા.૦૪.૦૧.૨૦૨૧ ના રોજ આરોપીને હાથ ઉછીના રોકડા આપેલા. જો કે, ફરીયાદીએ આટલી મોટી કહી શકાય તેવી માતબર રકમ ક્યારે, ક્યાં સ્થળે, કોની હાજરીમાં અને કેવી રીતે આપેલી તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. ફરીયાદીના કહેવા મુજબ કુલ વીસ લાખ રૂપિયામાંથી પંદર લાખ રૂપિયાની રકમ ફરીયાદીએ કમલેશભાઇ, ભરતભાઇ અને ગોવિંદભાઇ પાસેથી લઇને આરોપીને આપેલી પરંતુ, ફરીયાદીએ આ રકમ કમલેશભાઇ, ભરતભાઇ અને ગોવિંદભાઇ પાસેથી ક્યારે અને કેવી રીતે મેળવેલી તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. જો ફરીયાદી ખરેખર તેમના કોઇ સગાંસંબંધીઓ જેવાં કે, કમલેશભાઇ, ભરતભાઇ અને ગોવિંદભાઇ પાસેથી કોઇ રકમ ઉછીની લાવ્યા હોય તો તેવાં સંજોગોમાં આ હકીકત પુરવાર કરવા માટે પણ ફરીયાદીએ કમલેશભાઇ, ભરતભાઇ કે ગોવિંદભાઇને પોતાના સાહેદ તરીકે સોગંધ ઉપર તપાસેલાં નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, સદર કેસમાં ફરીયાદીની ઉલટતપાસ સૌપ્રથમ વખત તા.૧૨.૦૯.૨૦૨૪ ના રોજ થયેલ છે, બીજી વખત તા.૧૭.૧૦.૨૦૨૪ ના રોજ થયેલ છે અને ત્રીજી વખત તા.૧૨.૦૩.૨૦૨૬ ના રોજ એમ કુલ ત્રણ તબક્કામાં ટુકડે–ટુકડે થયેલ છે. બીજું કે, ફરીયાદીએ ગઇ તા.૧૭.૧૦.૨૦૨૪ ના રોજ થયેલી પોતાની ઉલટતપાસમાં સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, તકરારી ચેકની રકમમાં જે રકમ દર્શાવેલ છે તે રકમ કમલેશભાઇ, ભરતભાઇ તથા ગોવિંદભાઇનાઓની છે. આમ, જ્યારે ફરીયાદી પોતે સ્વીકારતાં હોય કે તકરારી ચેકની રકમમાં કમલેશભાઇ, ભરતભાઇ અને ગોવિંદભાઇની લેણી રકમનો પણ સમાવેશ થયેલ છે તેવાં સંજોગોમાં આરોપી ઉપર ફરીયાદીનું કાયદેસરનું લેણું સમગ્રપણે રૂ.૨૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ લાખ પુરા) નું હોવાની હકીકત માની શકાય તેમ નથી અને આમ, આરોપી ઉપર માત્ર ફરીયાદીનું રૂ.૨૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ લાખ પુરા) નું કાયદેસરનું લેણું નહીં હોવાની હકીકત સાબિત થાય છે. વળી, ફરીયાદીએ કમલેશભાઇ, ભરતભાઇ કે ગોવિંદભાઇ નામની કોઇ વ્યક્તિને પોતાના સાહેદ તરીકે સોગંધ ઉપર તપાસેલાં નથી. આ ઉપરાંત, આંક–૦૯ થી રજુ થયેલ કરાર ખતના તત્વો

સાબિત થતાં નથી. ફરીયાદી દ્વારા આંક–૦૯ થી રજુ રાખવામાં આવેલ કરાર ખત રજીસ્ટર્ડ દસ્તાવેજ નથી કે તે નોટરાઇઝડ પણ થયેલ નથી. આ કરાર ખતમાં પક્ષકારોની અને તેમની સહીની ઓળક બાબતે કોઇ ઉલ્લેખ નથી. આ કરાર ખતમાં પક્ષકારોની સહી કોઇ ધારાશાસ્ત્રીએ ઓળખી બતાવેલ નથી. આ કરાર ખતમાં કોઇ નોટરી એડવોકેટના સહિ–સિક્કા પણ નથી. આ કરારખતમાં સહી કરનાર વ્યક્તિઓને ફરીયાદીએ પોતાના સાહેદો તરીકે સોગંધ ઉપર તપાસેલાં નથી. ફરીયાદીના કહેવા મુજબ તેમણે કમલેશભાઇ, ભરતભાઇ અને ગોવિંદભાઇ પાસેથી પણ પૈસા લઇને આરોપીને હાથઉછીના આપેલાં અને આંક–૦૯ થી રજુ થયેલ કરાર ખતમાં પણ કમલેશભાઇ, ભરતભાઇ અને ગોવિંદભાઇ સાક્ષી તરીકે હોવા છતાં ફરીયાદીએ પોતાનું કાયદેસરનું લેણું સાબિત કરવા માટે આ ત્રણેય વ્યક્તિઓમાંથી કોઇને પણ પોતાના સાહેદ તરીકે સોગંધ ઉપર તપાસેલાં નથી.

બીજું કે, આરોપીએ ત્રણેય તકરારી ચેકમાં પોતાની સહી નહીં હોવા બાબતે સ્પષ્ટપણે ઇન્કાર કરેલ નથી પરંતુ માત્ર કાયદેસરના લેણાં બાબતે જ તકરાર લીધેલ છે તેવાં સંજોગોમાં ફરીયાદીના પુરાવાનું ખંડન કરવાની સંપુર્ણ જવાબદારી અને બોજો આરોપીના શિરે હોવાથી ફરીયાદીના પુરાવાનું ખંડન કરવામાં અને ખંડનકારી પુરાવો રજુ રાખવામાં આરોપી મહદંશે સફળ નિવડેલ છે. ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના ગુનાના કામે ફરીયાદીએ સૌપ્રથમ હકીકતોનું અસ્તિત્વ પણ મુખ્યત્વે સાબિત કરવું પડે, તેવું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે. જ્યારે હકીકતો જ સાબિત ન થતી હોય તો દસ્તાવેજી પુરાવાની સાબિતી ગૌણ બની જાય છે. સદર કેસમાં ફરીયાદીએ રૂપિયા વીસ લાખ જેટલી માતબર રકમ આરોપીને આપેલ હોવાની હકીકત જણાવેલ છે પરંતુ, પોતે ખાનગી આંગડિયા પેઢીમાં નોકરી કરે છે અને તેમને મળતાં પગારમાંથી કોઇ બચત થતી નથી, તેવું પોતે ઉલટતપાસમાં સ્વીકારે છે તેવાં સંજોગોમાં ફરીયાદીની પોતાની ફરીયાદ હકીકત શંકા ઉપજાવતી હોય ત્યારે તકરારી ચેક મુજબનું લેણું કાયદેસરનું લેણું કેવી રીતે બને છે તેવું સાબિત કરવામાં ફરીયાદી સદંતર નિષ્ફળ નીવડેલાં છે. આમ, તકરારી ચેકની રકમ કાયદેસરનું લેણું હોવા બાબતની હકીકત સાબિત કરવામાં પણ ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ રહેલ છે. આમ, લેણાંની રકમ ગમે તેટલી મોટી હોય કે નાની હોય પરંતુ, કાયદેસરનું લેણું સ્પષ્ટ હોવું જરૂરી છે.

વધુમાં, ફરીયાદીએ પોતાની ઉલટતપાસમાં એ વાતનો પણ સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે કે, ચેકમાં જે રકમનો ઉલ્લેખ કરેલ છે તે રકમ કમલેશભાઇ, ભરતભાઇ અને ગોવિંદભાઇનાઓની છે તેવા સંજોગોમાં કહેવાતા નાંણા માત્ર ફરીયાદીના સંદર્ભમાં "Legally enforceable debt" કહીં શકાય નહીં અને જો નાંણા "Legally enforceable debt" સાબિત ન થાય તો ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુનો બને નહીં. આવાં સંજોગોમાં અનુમાનનુ ખંડન થયાનુ સ્પષ્ટપણે માની શકાય તેમ છે. સદર કેસમાં તકારી ચેકનો ફરીયાદી દ્વારા દુરૂપયોગ કરવામાં આવેલ હોવાનું માની શકાય તેમ છે. જેથી, ફરીયાદી પાસે રહેલો ચેક આરોપીએ કોઇ કાયદેસરનાં દેવાની ચુકવણી પેટે આપેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. આમ, ફરીયાદી પોતાના કેસની હકીકત નક્કર પુરાવાના અભાવે પુરવાર

કરવામાં નિષ્ફળ રહેલ હોવાનું નામદાર કોર્ટનું સ્પષ્ટપણે માનવું છે. માત્ર ફરીયાદી અને આરોપી વચ્ચે કોઇ વ્યવહાર થયેલ હોવાનું જ્યારે ફરીયાદી પોતે નકારતાં હોય તો કાયદેસરનું લેણું સાબિત થતું નથી અને જ્યારે કાયદેસરનું લેણું સાબિત થતું ન હોય ત્યારે આરોપીને ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ના ગુના સબબ કસુરવાર ઠરાવી શકાય નહીં, તેવું અત્રેની નામદાર કોર્ટનું સ્પષ્ટપણે માનવું છે. આ માટે અત્રેની નામદાર કોર્ટ ફરીયાદીની ફરીયાદ, જુબાની અને ઉલટતપાસને નજર સમક્ષ રાખતાં નામદાર સર્વોચ્ચ અદાલતના John K. Abraham V/s. Simon C. Abraham and another, (2014) 2 SCC 236 ના ચુકાદા ઉપર વિશેષ આધાર રાખે છે. જે હાલના કેસની હકીકતોને સંપૂર્ણપણે લાગુ પડે છે. હાલના કેસમાં પણ ફરીયાદીના વિરોધાભાસી નિવેદનો અને કેસની હકીકતો બાબતેની જાણકારી અને માહિતીનો અભાવ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેમ નથી.

**(૧૪.૨ : ૨) <u>ફરીયાદી પોતે આર્થિક રીતે સદ્ધર નથી</u> :–** હાલના કેસમાં આરોપી દ્વારા એવો પણ સ્પષ્ટ બચાવ લેવામાં આવેલ છે કે, રૂપિયા વીસ લાખ જેટલી માતબર રકમ કોઇને પણ ઉછીના આપવા માટે ફરીયાદી પોતે આર્થિક રીતે સાધન–સંપન્ન કે સદ્ધર નથી.

હવે, આરોપી તરફે કરવામાં આવેલી ઉપરોક્ત દલીલના સંદર્ભમાં રેકર્ડ પરના પુરાવાની છણાવટ કરતાં સ્પષ્ટ થાય છે કે, ફરીયાદીએ પોતે પોતાની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, તેઓ આંગડિયા પેઢીમાં ખાનગી નોકરી કરે છે અને તેમને મળતાં પગાર સિવાય આવકનો બીજો કોઇ સ્ત્રોત નથી અને આ પગારમાંથી કોઇ બચત થતી નથી. આમ, ફરીયાદી જ્યારે રૂપિયા વીસ લાખ જેટલી માતબર રકમ આરોપીને રોકડેથી આપેલ હોવાની હકીકત જણાવતાં હોય તો તેવાં સંજોગોમાં ફરીયાદીએ પોતાની આર્થિક સદ્ધરતાં પણ સાબિત કરવી પડે તેવું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે. સદર કેસમાં પોતાની આર્થિક સદ્ધરતાં સાબિત કરવા માટે ફરીયાદીએ પોતાની નિયમિત આવક કે વિશેષ આવકના આવકના કોઇ આધાર–પુરાવા કે પોતે આવકવેરો ભરતાં હોય તેવાં આધાર–પુરાવા કે પોતાના બેંકખાતાની પાસબુકના ઉતારા કે સ્ટેટમેન્ટ જેવાં કોઇ દસ્તાવેજી આધાર–પુરાવા હાલના કામે રજુ રાખેલાં નથી. આરોપીપક્ષનો સ્પષ્ટ આગ્રહ હોવા છતાં ફરીયાદીએ પોતાના આવકવેરા રીટર્ન કે નાણાંકીય લેવડ–દેવડના વ્યવહારોની નોંધ જેવાં મહત્વના કહી શકાય તેવાં કોઇ દસ્તાવેજો નામદાર કોર્ટમાં રજુ રાખેલાં નથી અને પોતે રજુ રાખવા માંગતા નહીં હોવાનું સ્પષ્ટપણે જણાવેલ છે. ફરીયાદીને પોતાની આર્થિક સદ્ધરતા પુરવાર કરવા માટે આરોપીએ સ્પષ્ટરીતે પડકારેલ હોવા છતાં ફરીયાદી પોતાની આર્થિક સદ્ધરતા પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ રહેલાં છે. આમ, રેકર્ડ પરના પુરાવા પરથી ફરીયાદી પોતે આર્થિક રીતે સાધન–સંપન્ન કે સદ્ધર હોવાની હકીકત માની શકાય તેમ નથી.

**[૧૫] <u>સંદર્ભ</u> :–** ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના ગુનાના કામે ફરીયાદીએ સૌપ્રથમ હકીકતોનું અસ્તિત્વ પણ મુખ્યત્વે સાબિત કરવું પડે, તેવું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે. જ્યારે હકીકતો જ સાબિત ન થતી હોય તો દસ્તાવેજી પુરાવાની સાબિતી ગૌણ બની જાય છે. વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે

Keshavlal Prabhudas Patel (Since Deceased) Vs. Ashokbhai Bachubhai Maganbhai Patel, 2019 (0) Supreme (Guj) 1043, ના ચુકાદામાં ઠરાવેલ છે કે, Nature of evidence emerging out from the mouth of the complainant himself, he has not come with definite case and consequently, the complainant could not prove that the aforesaid cheque was for legally enforceable debt as envisaged under Section 138 of the Negotiable Instruments Act.

વળી, નામદાર સર્વોચ્ચ અદાલતે Kumar Exports Vs. Sharma Carpets (2009) 2 SCC 513 ના પોતાના ચુકાદામાં ઠરાવેલ છે કે, Section 139 of the Act provides that it shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability. નામદાર સર્વોચ્ચ અદાલતે એવું પણ અવલોકન કરેલ છે કે, Presumptions are devices by use of which the courts are enabled and entitled to pronounce on an issue notwithstanding that there is no evidence or insufficient evidence. Under the Evidence Act all presumptions must come under one or the other class of the three classes mentioned in the Act, namely, (1) may presume (rebuttable),(2) shall presume (rebuttable), and (3) conclusive presumptions (irrebuttable). The term presumption is used to designate an inference, affirmative or disaffirmative of the existence of a fact, conveniently called the presumed fact drawn by a judicial tribunal, by a process of probable reasoning from some matter of fact, either judicially noticed or admitted or established by legal evidence to the satisfaction of the tribunal. Presumption literally means taking as true without examination or proof. (Para-15)

સદર ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે વધુમાં ઠરાવેલ છે કે, Applying the definition of the word proved in Section 3 of the Evidence Act to the provisions of Sections 118 and 139 of the Act, it becomes evident that in a trial under Section 138 of the Act a presumption will have to be made that every negotiable instrument was made or drawn for consideration and that it was executed for discharge of debt or liability once the execution of negotiable instrument is either proved or admitted. As soon as the complainant discharges the burden to prove that the instrument, say a note, was executed by the accused, the rules of presumptions under Sections 118 and 139 of the Act help him shift the burden on the accused. The presumptions will live, exist and survive and

shall end only when the contrary is proved by the accused, that is, the cheque was not issued for consideration and in discharge of any debt or liability. A presumption is not in itself evidence, but only makes a prima facie case for a party for whose benefit it exists. (Para-18)

સદર ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે વધુમાં ઠરાવેલ છે કે, The use of the phrase until the contrary is proved in Section 118 of the Act and use of the words unless the contrary is proved in Section 139 of the Act read with definitions of may presume and shall presume as given in Section 4 of the Evidence Act, makes it at once clear that presumptions to be raised under both the provisions are rebuttable. When a presumption is rebuttable, it only points out that the party on whom lies the duty of going forward with evidence, on the fact presumed and when that party has produced evidence fairly and reasonably tending to show that the real fact is not as presumed, the purpose of the presumption is over. (Para-19)

સદર ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે વધુમાં ઠરાવેલ છે કે, The accused in a trial under Section 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial. The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the court need not insist in every case that the accused should disprove the nonexistence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the

case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant. The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Section 114 of the Evidence Act to rebut the presumptions arising under Sections 118 and 139 of the Act. (Para–20)

**[૧૬] નિષ્કર્ષ :–** ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ના ગુના સબબના ફોજદારી કેસમાં આરોપીએ કેવો બચાવ લેવો જોઇએ તેવો કોઇ સ્પષ્ટ કે સચોટ નિયમ નથી. બીજું કે, અન્ય ફોજદારી કેસોની જેમ ફરીયાદીએ પણ પોતાનો કેસ તમામ શંકાથી પર સાબિત કરવાનો નથી પરંતુ, Preponderance of Probability (સંભાવનાની પ્રબળતા) ના સિંદ્ધાંત મુજબ માત્ર શંકા પ્રેરવાથી પણ હકીકતનું ખંડન કરી શકાય છે. નામદાર સર્વોચ્ચ અદાલતે Sumeti Vij Vs. M/S Paramount Tech Fab Industries, 2021 Lawsuit(Sc) 182 ( Degree Of Evidence For Rebut Presumption ) ના પોતાના ચુકાદામાં ઠરાવેલ છે કે, It is well settled that the proceedings under Section 138 of the Act are quasi criminal in nature, and the principles which apply to acquittal in other criminal cases are not applicable in the cases instituted under the Act. Likewise, under Section 139 of the Act, a presumption is raised that the holder of a cheque received the cheque for the discharge, in whole or in part, of any debt or other liability. To rebut this presumption, facts must be adduced by the accused which on a preponderance of probability (not beyond reasonable doubt as in the case of criminal offences), must then be proved.

હાલના કેસમાં પણ ફરીયાદીની સ્વીકૃત હકીકતના આધારે તકરારી ચેકનું લેણું કાયદેસરનું હોવાનું રેકર્ડ પર લાવવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નીવડેલ છે. સદર કેસમાં ફરીયાદી દ્વારા આરોપીને કુલ રૂ.૨૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ લાખ પુરા) જેટલી માતબર રકમ હાથઉછીના આપવા બાબતે અને ખાસ કરીને હાલના કેસના તકરારી ત્રણેય ચેક મુજબ કુલ રૂ.૨૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ લાખ પુરા) જેટલી માતબર રકમ કાયદેસરના લેણાં તરીકે વસુલવા બાબતે હકદાર હોવા માટે કે પોતાની આર્થિક સાધન–સંપન્નતા કે સદ્ધરતાં બાબતે કોઇ દસ્તાવેજી પુરાવા રજુ રાખવામાં આવેલાં નથી. ઉપરાંત, કહેવાતી રકમ કાયદેસરનું લેણું હોવાની કોઇ નક્કર હકીકત ફરીયાદી રેકર્ડ ઉપર લાવી શકેલાં નથી. બીજું કે, ફરીયાદી આવકવેરો ભરતાં નથી. ફરીયાદી આંગડિયા પેઢીમાં ખાનગી નોકરી સિવાય કોઇ વેપાર–ધંધો કે વ્યવસાય કરતાં હોય તેવો પણ કોઇ આધાર–પુરાવો રેકર્ડ ઉપર રજુ રાખવામાં આવેલ નથી.

ફરીયાદી પોતે રૂ.૨૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ લાખ પુરા) જેટલી માતબર રકમ આપવા જેટલાં સાધન-સંપન્ન કે આર્થિક રીતે સમૃદ્ધ હોય તેવાં પણ કોઇ આધાર-પુરાવા રજુ રાખેલાં નથી.

સદર કેસમાં દલીલોના મહત્વના તબક્કે ફરીયાદી તરફે નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા રજુ રાખવામાં આવેલાં છે અને અત્રેની નામદાર અદાલત દ્વારા સદર ચુકાદા માનસર વંચાણે લેવામાં આવેલાં છે અને તેમાં પ્રસ્થાપિત સિદ્ધાંતોને અત્રેની નામદાર અદાલત શિરોમાન્ય સમજે છે. પરંતુ, હાલના કેસમાં કાયદેસરનાં લેણાં બાબતેની મહત્વની હકીકત જ સાબિત થતી નથી તેવાં સંજોગોમાં ફરીયાદી તરફે રજુ રાખવામાં આવેલ ચુકાદા ફરીયાદીને મદદરૂપ થતાં હોવાનું જણાતું નથી. જો કે, સદર કેસની હકીકતો અને રેકર્ડ પરનાં પુરાવાને ધ્યાને લઇ અત્રેની અદાલતે નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓની વિસ્તૃત ચર્ચા ઉપરોક્ત ફકરાઓમાં કરેલ છે.

સદર કેસમાં કાયદેસરનાં લેણાં બાબતેની મહત્વની હકીકત જ સાબિત થતી નથી. ફરીયાદી પોતાના કેસની હકીકત નક્કર પુરાવાના અભાવે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોવાનું નામદાર કોર્ટનું સ્પષ્ટપણે માનવું છે. ફરીયાદીનું લેણું કાયદેસરનું હોવાની હકીકત સાબિત થતી નથી ત્યારે આરોપીને ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ ના ગુના સબબ કસુરવાર ઠરાવી શકાય નહીં, તેવું અત્રેની નામદાર કોર્ટનું સ્પષ્ટપણે માનવું છે.

આમ, ફરીયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી અને આરોપી વચ્ચે વાદગ્રસ્ત વ્યવહાર સંબંધો બાબતેની હકીકત અને પુરાવાનું ખંડન કરવામાં આરોપીપક્ષ સફળ નીવડેલ છે, તેવાં સંજોગોમાં ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૯ મુજબના અનુમાનની સાબિતીનો પ્રારંભિક બોજો જ્યારે ફરીયાદપક્ષના શિરે હોય છે ત્યારે સાબિતીના બોજાનું વહન કરવામાં પણ ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ રહેલ છે. ભારતીય પુરાવા અધિનિયમની સ્પષ્ટ જોગવાઇઓ મુજબ મૌખિક પુરાવો સીધો અને સ્પષ્ટ હોવો જોઇએ. ફરીયાદીના સમગ્ર પુરાવા ઉપરથી કાયદેસરનાં લેણાંની હકીકત પ્રસ્થાપિત થતી નથી. આમ, ઉપરોક્ત હકીકતો, સંજોગો અને કાયદાના મુદ્દાની વિસ્તૃત છણાવટની મધ્યે આરોપીને ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ અન્વયેના ગુના સબબ તકસીરવાર ઠરાવી શકાય તેમ ન હોઇ, મુદ્દા નં. ૧ નો નિર્ણય "નકાર" માં ઠરાવી મુદ્દા નં.૨ ના સંદર્ભમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

**(૧)** આ કામના આરોપી નામે હિરેનભાઇ નરેશભાઇ વનરા, રહે. "બાલમુકુન્દ ", પારેખવાડી, જાની સાહેબના ઘરની સામે, સાવરકુંડલા, તા. સાવરકુંડલા, જિ. અમરેલીનાઓને ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ-૨૫૫(૧) અન્વયે ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીના જામીન છ (૬) માસ માટે લંબાવવામાં આવે છે.

હુકમ આજ તા.૩૧ મી જુલાઇ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : સાવરકુંડલા
તારીખ : ૩૧.૦૭.૨૦૨૬

મસ્કુરૂલ્લાહખાન ફિરોજખાન પઠાણ
અધિક ચીફ જ્યુ. મેજિસ્ટ્રેટ,
તા.સાવરકુંડલા, જિ.અમરેલી
(UIC CODE NO : GJ01236)

:: By Self ::